ૐ

શ્રી જીનેંદ્રાયનમઃ

આત્મબોધ આનંદ ચોવીશી

આ બુક છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. મગનલાલ ઝવેરચંદ

શેઠ [illegible] ટેકાજી [illegible] સુરત.

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨

કીમત રૂ. ૦-૩-૦

સુરત ખપાટીઆ ચકલા ઉપર તાસવાળાની પોળમાં લક્ષ્મીનારાયણની વાડીમા આવેલા "જૈન વિજય" પ્રી. પ્રેસમાં મુળચંદ કસનદાસ કાપડીઆએ છાપી.

પ્રસ્તાવના

સુજ્ઞ જૈન વાંચકો, આ લઘુ પુસ્તકની અંદર ચોવીસે ભગવાનનાં સ્તવનો તથા ગરબાઓ તથા પરચુરણ સ્તવનોનો સંગ્રહ મારી બાલબુદ્ધિથી કર્યો છે. તેમજ આ પુસ્તક મેં [illegible] આપણા મહાન મુની મહારાજ વલ્લભવિજય. હીરસાગર મહારાજ ગુણી મહારાજ વીગેરેને દેખાડયું હતું અને તેઓએ મારો ઉત્સાહ વધાર્યો છે. છતાં આ પુસ્તકની અંદર કોઇપણ પ્રકારની ભુલચુક રહી ગઇ હોયતો તે શુદ્ધ કરી વાચજો અને મને મિત્રભાવે સુચના આપશો કે જેથી હું મારી ભુલ સુધારવા ભાગ્યશાળી થાઉં.

આ લઘુ પુસ્તક છપાવી બહાર પાડતાં પ્રુફ સુધારવામાં બનતી કાળજી રાખવાં છતાં સુધારવામાં ભુલ રહી જવાથી અથવા તો દ્રષ્ટી દોષથી યા મતી મંદતાથી કાનો, માત્રા, મીંડી, ઇત્તક ઉલટપાલટ વિગેરેની ભુલો રહી ગઇ હોય અથવા જિનાજ્ઞા વિરૂદ્ધ લખાણ આવી ગયું હોય તો તેને માટે હું મિચ્છામિદુક્કડ દેઉ છું.

આ પુસ્તકની કોઇએપણ કોઇ પ્રકારે અસાતના કરવી નહીં.

શાન્તી-શાન્તી-શાન્તી

લી.

શા. મગનલાલ ઝવેરચંદ

શ્રી જીનેંદ્રાયનમઃ

શ્રી આત્મબોધ આનંદ ચોવીશી.

રૂષભદેવ પ્રભુ

(વ્હાલા વેગે આવોરે)

મુજ મન વ્હાલાંરે, ગાઉં ગુણ તાહરારે દયા ઉરે લાવજોજી;
નહી લાવો તો પ્યારા, દુ;ખી થાશે તમ બાળ. — મુજ૦

સાખી

પ્રથમ પ્રભુ તમો અવતર્યા, કરવા અતી ઉપકાર;
નાભી નરેશનાં નંદન, લાવો મુજપર વ્હાલ, — મુજ૦
વૃષભ લાંછન પ્રભુ શોભતું સુનંદાના ભરથાર
સુમંગલાના સ્વામીજી છો મુજ તમ આધાર.— મુજ

સાખી

મરૂદેવીના બાલજી છો તુમ ગુણ ભંડાર;
અવીનાશી જીનરાજજી, હવે મુજને તો તાર— મુજ૦

સાખી

તારણ પ્રભુ જીનેશ્વરો, પામ્યો દુઃખ અપાર;
સહાય થશો અરીહંતજી, કહે છે મગનલાલ.— મુજ૦

અજીતનાથ પ્રભુ.

(રાહ—માહરી લાજ તમારે હાથ આ નાથ નિભાવજોરે;)

માહરા અજીતનાથ મહારાજ, મુજને તારજોરે;
મુજને તારજોરે, મુજને તારજોરે. — મહારા૦

ભવ જંગલમાં ભુલો પડ્યો, સાચો જીનજી મુજને મળ્યો;
માહરા કઠીણ કર્મોને પ્રભુ ઝટ બાળજોરે.— માહરાં૦
અધીકુ જ્ઞાન શું બુદ્ધિ આપો, સત ચિત આનંદ ઉરમાં સ્થાપો;
અગમ નિગમનો માર્ગ, સુગમ બતલાવજોરે — માહરા૦
ભક્તિ થકી ભવબંધન તુટે, પળે પળે આયુષ્ય ખૂટે;
શ્રી જીન અમ મન તનનાં, તાપ સમાવજોરે.— માહરા૦
ચાર શત્રુ સદા સતાવે, અતીશે તોફાન તે મચાવે;
મહેર કરી મહારાજ, તેને સહારજોરે.— માહરા૦

સંભવનાથ પ્રભુ

પદ—રાહ

માહરો નેહ લાગ્યો રે, સભંવ જીનની સાથે;
અજબ રંગ જામ્યોરે, જીનવરજી સાથે.— માહરો.
સાંભરી આવે મુને, વચન તમારા;
તે અનુભવ, આજ જાગ્યો રે.— માહરો.
દયા સાગરની સંગે, નિશદીન રમતાં;
માહ ાં ભવનો ભય, ભાગ્યોરે.— માહરો.

અભીનંદન પ્રભુ

પદ—રાહ

ભક્તિથી ભુલ જાએ ભાગી, મલીન જીવડા.
અભીનંદન ભજો વીતરાગી.— મ. ભ.
અનેક જન્મ તુ ઉંઘી રહ્યો છે; જીવડા તું જોને જાગી.— મ ભ.
આ સમય છે પ્રભુ ભજવાનો; મુક આળસ અંધ અભાગી.—મ. ભ.

માયાના ફંદમાં શું ફુલ્યો ફરે છે; ખાલી દકુગાઇ નાગીરે.—મ. ભ.
કાળ ક્રોધી કોઇની લાજ નહીં રાખે;
રહે છે આઠે પહોર નોબત વાગીરે — મ. ભ.

સુમતિનાથ પ્રભુ

(રહુ–મેં જગાય હારીરે, પીયા પ્યારા ન જાગે)

હાં દુનીઆ દુ:ખદાઇ, અતી દુ:ખદાઇ;
સુમતિ છે સુખદાઇ સુમતી નામ સુખદાઇ — હાં૦
જ્યાં દેખુ ત્યાં દુ:ખોના દુખો,
નથી સર્વ સુખ ક્યાંઇ — હાં૦
ક્ષણભંગુર સમ આ દેહ કારમો,
જાશે તું ઝટ મરડાઇ — હાં૦
તરવા આ સંસાર સાચી ધર્મ સગાઇ,
કહે મગનભાઇ નહી જન્મ એળે જાઇ. હાં૦

પદ્મનાથ પ્રભુ

કોણ કળે ગતિ પદ્મ પ્રભુની તુજ મયા દુસ્તર નાથ અતી.—કોણ૦
સુરને અસુર સહુ ભુલ્યા મોહી રૂપિને મુનીઓ રહે જોઇ,
અકળ અગમ વિસ્તરી રચના પ્હોંચે ન મતિ — કોણ૦

સુપાર્શ્વનાથ—પ્રભુ

(રાહુ—બળું છું પ્રેમ આગમાં)

ફસાયો કર્મ જાળમાં, સુપાર્શ્વ તારોરે,
પડયો છું અની પાપમાં, અરીહંત બચાવોરે.—ફસાયો૦

નાદાન છું અજ્ઞાન છું મને નહીં સતાવોરે,
હેરાન છું બેભાન છું, પ્રભુજી બચાવોરે—ફ્સાયો૦

સાખી.

નર્કનાં દુઃખ સુણતાં, ઉઠી અંતર આગ
સંસાર લીલા એવીજ છે, જાણો ઝેરી નાગ
લાચારને સંસારમાં, શુભ દાન દેજોરે. ફ્સાયો૦

ચંદ્ર પ્રભુ નાથ

(રાહ–ચાલો ચતુરા અલબેલી, આ દીન સેવામાં વેલી)

સુરતી પ્રભુની અલબેલી, છે શાન્તી રસની ભરેલી.
લાગે મુને મોહન વેલી, છે અમી તે રસથી ભરેલી.—મુરતી૦
કરજો શાન્તી મને વેલી. આ દીન તણા છો બેલી
મુજ મન તમ સાથે ભેળી, હૈયામાં હર્ષની ઠેલી— મુરતી૦
છે સમાધી ગુણે ભરેલી' સમતા રસ દો રેલી
ચંદ્ર પ્રભુ અરજી છેલ્લી, આપો શીવ સુદરી વેલી— મુરતી૦

સુવિધિનાથ

(રાહ-દ્રોપદ.)

સુવિદિ જીન મૂજ મન તન કરૂ સદા સ્મરણુ
કરૂં સદા સ્મરણુ સુવિધિ૦
દુઃખ હરણુ સુખ ઝરણુ જ્ઞાન ભરણુ
પ્રભુ ભવ તારણુ —સુવિધિ૦
છોડયો જગજન સોધ્યો શીવકો સાધન
આગે તમો ગુણુ મગન —સુવિધિ૦

શીતલનાથ પ્રભુ.

(કલ્યાણ–તાલ–ખેમટો પછી દાદરો)

વાહરે મારા પ્રભુ ગતી તારી ન કોઇથી કળાય
જન્મ લઇ જીવ મારો મોહનાં ફંદે ફસાય.— વાહરે.
એકલો છે પ્રભુ તારો આધાર
તુજ વીના હય સબ જુઠો સંસાર,
દયા લાવી પ્રભુ મૂજને તાર,
હું છઉં બાળ, તું છે મારો કૃપાળ.
લાગ્યો લાગ્યો લાગ્યો તોરા મુખડાનો રંગ
નાચી માચી રાચી થયો ઘણો પ્રસન.— વાહરે.

શ્રેયાંસનાથ પ્રભુ.

(રાહ–દ્રૌપદ.)

નમુ અશરણ શરણ જીનવરને
વિજય વરણ, પ્રભુ વિપત હરણ તમ ચરણ પરમપદ દરીને–નમું.
અકલ સકલ કલ જગત જય ધરીજે
મૂજ ઉપર કરૂણા કરીને. —નમું.

વાસુપૂજયનાથ પ્રભુ

(પદમાં કાફીમાં)

દરસણ દેનીરે દાસને મારા ગુણ નિધિ વાસુ પૂજ્ય લાલ
નાથ નિવારોરે ત્રાસને લાવો મૂજ ઉપર અતી વ્હાલ
સ્નેહ ધરીને શુભ મતિ આપો દયા કરીને —દરશણ.

વિમળનાથ પ્રભુ

(રાહ—કીધો કેવો જુલમ ભારી)

જન જન્મ અફળ જાએ, તજી દઇ ધર્મની સ્હાયે.
અમૂલ્ય હીરાને છોડી, પડ્યો કુછંડની માંહી—જન૦
નથી એક ટેક હોં કાઇ, પળ પળમા બદલાએ,
ચેતન ચેત મન માહે, સાચી છે ધર્મની સ્હાયે—જન૦
સાચા વિમળજીન રાયે, કરો મુજને હવે સ્હાયે,
ભમ્યો ભવો ભવની માંયે, મગન સદાયે ગુણ ગાયે—જન૦

અનંતનાથ પ્રભું

(રાહ-હાય મૂઝે દર્દે જીગરને સતાયા)

હાય હું તો ભમ્યો અનંતી કાળજો
જીનજી મારા કર્મોને ઝટ સંહારજો—હાય૦
લાખ ચોરાસી જીવા યોનીમાં, દુ:ખો ખમ્યા અપારજો.
સાચો સાહેબ મુજને મલ્યો, આવાતે ગમનની વારજો—હાય૦
મગન ભાવથી અનંતને વિનવે, શુદ્ધ જ્ઞાન વધારજો
અનંત જીણુંદા અનત સુખ આપો, ભવ પાર ઉતારજો.—હાય૦

ધર્મનાથ સ્વામી

મોહયો ધર્મના ગુણ જ્ઞાનમાં
હંમેસ હું તો મોહયો ધર્મના ગુણ—
અગર તગરથી નવ જવર ભેટે
શાન્ત છું ધર્મનાથ ભગવાનમાં— હમેશ૦

મીઠાં વચન મને તમારા લાગે
    ધ્યાન એક જીન તાનમાં— હમેશ૦
શરદ પુનમ શશી સુખ નહી આપે
    રહીશું અડગ નીજ જ્ઞાનમાં— હમેશ૦
ગુણીની ઓળખ સવ સિદ્ધી માટે
    જ્ઞાને કરી શુદ્ધ ધ્યાનમાં— હમેશ૦

શાંતિનાથ પ્રભુ

(રાહ-ક્ષત્રીકલંક)

સુણો શાંતિનાથ મહારાજ, તમારો સંગ નહિ મેલુરે
મારા સુધારો તમે સહુકાજ, ,,
તમો વિશ્વરાજાકો નંદન, ,,
તમે થાજો સેવક પર પ્રસન, ,,
પ્રભુ અચીરાજીના જાયા, ,,
જીન જ્ઞાન સહિત તમો આવ્યા, ,,
તમો દીસો છો દેવ દયાળ, ,,
પ્રભુ છોડાવો જંગ જંજાળ, ,,
પ્રભુ તુજ ગુણનો નહિ પાર, ,,
કહે મગન મુજને તાર. ,,

કુંથુંનાથ પ્રભુ

(રાહ કોઇ દુખ હયો દીલ રંગી)

કુંથું નામ લાગે પ્યારૂ, જીન નામ લાગે સારૂ (૨)
નિત્ય ગુણ તમારા સંભાળું આપ દીસો છો પરમ કૃપાળુ-કુંથુ.

સાખી

વાર અનંતી જીવાયોનીમાં ભટકયો વાર અનંત
પુણ્યે માનવ ભવ પામીને શરણુ ગ્રહ્યું ભગવંત
ઇંદ્રાદિક પ્રભુ તુજ ગુણ ગાવે, યોગીશ્વર પણ તુજને ધ્યાવે;
સમકીત દશા પદ પાવે, મગન પણ તુજને ચીત્ત લાવે

અરનાથ પ્રભું

રાહ—ગાઉ હું ગુણ તારારે.

પ્રભુ ભક્તિમાં મન રાખોરે, લેવા મોક્ષનો લહાવો;
જીન ભક્તિમાં મન રાખોરે, લેવા મોક્ષનો લહાવો.—પ્રભુ
ભાવે ભજુ હું વ્હાલારે, ભાવે ભજું હું વ્હાલાંરે;
સ્નેહે શિવવર પ્યારારે અરનાથ.— પ્રભુ
સંસાર સાગર મહાજળ તરવા,
શ્રી જીન સાચા નાવ મારારે. હે અરનાથ.— પ્રભુ

શ્રી મલ્લીનાથ પ્રભુ

(રાહ–દ્રૌપદ.)

ધર ધરની તુ મલ્લીનું નામજ, હૃદય કમલની માંહ
પ્રભુજી તમારૂ નામ અવીચળ, ગવાયું જગની માંહ—ધર૦
આ સંસાર સમુદ્ર માંહે, ઝોકાવ્યું છે ઝાઝ
ડુબતાં ઝાજ બચાવો જીનજી, રેહેશે માહરી લાજ--૨—ધર૦
પરવર સુખકર જીનવર મનહર, આપો મોક્ષનાં રાજ
મગન ભક્તિ, શુદ્ધ ભાવે કરશે, સંગીજી મહારાજ--૨—ધર૦

શ્રી મુનિ સુવ્રત પ્રભુ

(રાહ—આજકી આંગી બની નવરંગ)

ચાલોની નમીએ દેવોકા સરદાર, દેવોકા સરદાર, દેવોકા સરદાર—ચાલો૦
વીસમાં જીન, બડા દીલદાર, બડા દીલદાર, બડા દીલદાર— ચાલો૦
પદમા માતા, છે સુખકાર, છે સુખકાર, છે સુખકાર— ચાલો૦
સુમિત્ર નૃપ, તણા છો બાળ, દુ:ખ હરનાર, દુ:ખ હરનાર.—ચાલો૦
આજકી આંગીકા, અછા હે બહાર અછા હે બહાર, અછા હે બહાર—ચાલો૦
ઝગમગ જ્યોત શમ દીશે છે ભાળ, દીસે છે ભાળ, દીસે છે ભાળ—ચાલો૦
જાઉં નીશાર, તોપે હું વાર, તોપે હું વાર, તોપે હું વાર— ચાલો૦
ગુણ ગાય છે મગનલાલ મગનલાલ મગનલાલ.— ચાલો૦

નમીનાથ પ્રભુ

(રાહ, શું કહું કથની માહરી લાજ,)

શું કહું દુ:ખ હો મારું રાજ, શું કહું દુ:ખ હો મારૂ
હું તો નર્કના ત્રાસે હાર્યો રાજ શું૦
ચાર શત્રુમાં સદા ફસાયો, ભમ્યો કાળ અનંત
તે દુ:ખને દુર કરવા કારણ, આવ્યો તમારી પાસે આજ.— શું૦
કેશર ચંદનથી પુજા કરૂ હું, આંગી રચાવું સુંદર આજ.
નાટારંગ કરૂં ભાવથી, ભવજળ પાર ઉતારો રાજ— શું૦
પ્રેમથી ભક્તિ હું કરૂ પ્રભુની, સ્તવન ગાણું ઉમંગે આજ
તજી મોહ જંજાળ હવે હું, નમી જીન લ્યો ઉગારી રાજ.—શું૦

શ્રી નેમનાથ પ્રભુ

(ભર ભર જામ પીલા ગુલલાલા બનાદે મતવાલા)

નેમ જીણંદ દયા દીલધારી, કાપો હમારા પાપ
વાલા — વાલા — વાલા — વાલા— નેમ૦

કડી

સમુદ્ર વિજય નંદન તણાં, નેમનાથ તુજ નામ
સંખ લંછન દીસે પ્રભુ શોરીપુરમા ઠામ.
વાલા — વાલા — વાલા — વાલા— નેમ૦
આપે મન શમજી કરી લેવા અમૃત ઠામ
ભીડ ભાગો હે જગધણી છે તું આતમરામ
વાલા — વાલા — વાલા — વાલા— નેમ૦
બ્રહ્મચારી સાચા પ્રભુ ચીંતા કરો ચકચુર
મગનલાલ એમ વીનવે અમ આશા કરજો પુર
વાલા — વાલા — વાલા — વાલા— નેમ૦
છો જીનરાજ મુગટ મણી સુધારો સહુ કાજ
દુનિયા ઝેર શમી કરી, ઉપન્યો મન વેરાગ
વાલા — વાલા — વાલા — વાલા— નેમ૦

પાર્શ્વનાથ

(રાહ-અત્યુતમ પદ મીત્ર તણું આ સંસારે સમજાય)

શાશ્વ તુ નામ પાર્શ્વજીનનું આ સંસારે સમજાય
અશ્વસેનનાં બાળની કરે વામન જક્ષ સ્હાય
વામાદેવી માત પ્રભુના સર્પલાછન સોહાય
દેવી પદમાવતી પ્રભુની રક્ષા કરતી જણાય
શુદ્ધ ભાવે પ્રભુ સમરંતા વિષ અમૃત થઇ જાય
કહે મગન હું પણ સમરૂ નિત્ય કરો મુજને સ્હાય
સાચા વ્હાલાનાં નામ એકસોને આઠ ગણાય
અક્ષર થોડા ગુણ અધિકા સુણતાં મન હરખાય.

૬૧૭૯ ૧૧

મહાવીરનાથ

(રાહ-થઇ પ્રેમવશ પાતળીઆ)

મહાવીર રદયે વસજો—૨
મમ મનનાં કોડને પુરજોરે.— મહાવીર૦
પાપી ચંડ કોશીઓ આવ્યો કરડવાં, નીકળી દૂધની ધારા;
પ્રતી બોધાઓ તતકાળ—૨
મમ મનનાં કારજ કરજોરે.— મહાવીર૦
સતી શિરોમણી ચંદન બાળાનાં, મુઠી બાકુળા લીધા;
ભવોભવનાં કારજ સીધ્યા—૨
મમ મનનાં કોડને પુરજોરે.— મહાવીર૦

શ્રી ૧૧ ગરબો.

(રાગ—પૂનેમ ચાંદની ખીલી પુરી અહીરે)

ભાવે ભજી લો આદિશ્વરનાથનેરે
આવ્યુ આવુ તાણુ સુંદર તારે હાથ—ભાવે૦
પુરણુ પુન્ય તો પ્રગટ તેથી થસેરે,
જાસે જન્મ મરણુ પરીતાપ. ભાવે.

સાખી

લાખ ચોર્યાસી તરવાતણો કરોને કાંઇ ઇલાજ.
મનુષ્ય જન્મ પામ્યા છીએ પ્રભુ ભજવાને કાજ.
ગયો સમય ફરી ફરી નહી આવેરે માટે સમજી સમરો વ્હાલાં
ભ્રાત—ભાવે૦
માત તાત સુત સુંદરી ધરા અને ધન ધામ
વ્હાલાં સુંદર જે લહો એજ અસ્થીર તમામ

એવા પ્રપંચમાં શું તું મોહી રહયો રે
નહી આવે છેવટે સંઘાત- ભાવે૦
મુકીને માયા મમતા વળી રાગને દ્વેષ
આદીનાનાથ પ્રભુ ઉપરે રહેનામ તુજ શેષ
કહે મગનલાલ, શર્વે સુંદરી નેરે;
નીત્ય પ્રભૂ ગુણ ઉમંગથી ગાવ— ભાવે૦

નેમનાથ

(રાહ—મોહલે પધારો મહારાજ મણીધર મોહલે પધારો,)

ગરબો.

વહેલા પધારોને નાથરે તમે વહેલા પધારો
રદય કાંપે છે આજરે તમે વહેલા પધારો
રાજુલ જુવે છે વાટરે તમે વહેલા પધારો
મુકોને મનની આંટરે તમે વહેલા પધારો

સાખી

જાદવ કુળની રીતથી, આવ્યા તોરણ નેમ કુમાર
રાજુલ પરણવાં કારણે, ત્યાં પશુડાનો આવ્યો પોકારરે
ઝટપટ રથને વાળીયો, નહીં પરણું હવે નાર
સમજાવ્યા સમજે નહી, જીવ દયાના પાલણહારરે
રાજુલ કરગરી કરે વીનતી, સુણો સુણો પ્રાણ આધાર
એમ કરવુ ઘટે નહી, નહી રીત એ જાદવ કુમારરે
આઠ ભવ પીઉ વહી ગયા, જુગતે જોડે સાથ
નવમે ભવ કેમ રીસ કરો, તમે સાંભળો પ્રાણનાથરે

બ્રહ્મચારી નેમજી, લીઓ સંજમ તત્કાળ
રાજેમતી પ્રભુ હાથથી, આદર્યા સંજમ શણગારરે
ચોપન દીન તપસ્યા કરી, પ્રભુ પામ્યા કેવલ જ્ઞાન
રાજેમતી શિવ સુખ લહે, કહે કર જોડી મગનરે

શ્રી શાંતિનાથનો ગરબો.

(રાહ—અજબ બહાર શી બની (૨))

સ્નેહે પૂજ્ય શાંતિ સ્વામી (૨)
૩ હૃયડે ધરી હર્ષ અપાર જોરે
મુજ ઉપર મહા અમીની દૃષ્ટી કરી —સ્નેહે૦
ચાલીશ ધનુષની દેહી સમચોરસ સઠાણ,
વદન પદ્મ જ્યું ચંદલો ...... દીઠે પરમ કલ્યાણ
અતી દીલ દયા ધરી પારેવો ઉગાર્યો
તીર્થંકર પદવી ધરી મને ઉગારો સ્વામી મહેર કરી
કેવલનંદિ તરૂ તલેએ પામ્યા અંતર ઝાણ
વીર કરમને ક્ષય કરી નવસન શું નિર્વાણ.

પાર્શ્વનાથ સ્વામિનો ગરબો.

હો મુને ભુલી ગયા છો પ્રભુ પાસજીરે લોલ;
માહરા મુક્તિ હો હાંરે, મારા મુક્તિ તણા છો દાતાર
મહારાજ —ભુલી.
હો વામા દેવી માતના જાયારે, પીતા અશ્વસેનના હો રાયારે;
મણીધરરે, હો હાંરે, મણીધર લંછન સોહાયા મહારાજ.—ભુલી.

હો બનારશી નગરીના રાયારે, તુને કુમઠ'કુ ખુબ હરાયારે;
નાગ નાગણી, હો હાંરે, નાગ નાગણી તે ઇંદ્રપદ પાયા
મહારાજ—ભુલી.
હો પ્યારા દરશણ તાહરા આપજેરે, માહરા ઘોર કરમ તું કાપજેરે.
મગન રે, હો હાંરે, મગન વીનતી ધરજે મહારાજ.—ભુલી.

મહાવીર સ્વામીનો ગરબો

(મોહરે પધારો મહારાજ મણીધર—રાહ)

માતા ત્રીસલા નંદ કુમાર નમો નમો નિત્ય નિત્યે
પામશો શીવ વીલાશ, ભજો ભજો એકજ ચીત્તે
સુણો સુણો આતમરામ, કહું છું પ્રીતે પ્રીતે
વીર માર્ગ છે ઉત્તમ ચીજ, અમુલ્ય રત્નની રીતે

સાખી

સોધર્મ ઇંદ્રિ સભા માંહી, કહયું નહિ બલવીર સમાન
સૌ સુર હા હા કરી રહયાં, મીથ્યાત એક કહે નહિ
એ પ્રમાણ નમો૦

વીર પ્રભુ ક્રીડા ખેલતા, ત્યાં આવ્યો તે સુર
લઘુ બાળક રૂપ કરી, બીવડાવા લાગ્યો ભરપુરરે: નમો૦

સાખી

વીર પ્રભુ મન સમજીઆ, નહી બાલક પણ કોઇ સુર.
મુજ બળ જોવા આવીઓ, મારી મુષ્ટી કીધો ચકચુરરે- નમો૦
પાયે પડી દેવે કહયું નહિ પ્રભુ કોઇ તુજ તુલ્ય
કહે મગન જૈન ધર્મનું, નહિ હોએ જગતમાં મુલ્યરે નમો૦

દાંડીઆની રમત.

(હીલમીલ રૂમઝુમ—રાહ)

હીલમીલ સદભાવો જલદી.
જગત જંજાળ દુર કર આત્મ પ્યારી મારી;
હયે સમ નિત્યસાસતી સુખધર દુરગન દુર નિવારી
જલદી—હી૦
ધ્યેયકે ધ્યાનકું ધ્યાયો નિરાગકી, ચમક દમક અજબ જાની;
ચર ઇશ ગ્યાનકે બાગકે ફુલમે, કહત મટત અગ્યાન અમાની. ૧
કહે મગન ધરા અમૃત રશ પીતાં, વિદ્યાર્થી મંડળી નમન અદીના.

છપ્પો.

સુખી થવુ જો હોએ કરો પ્રભૂની પ્રિતિ
સુખી થવું જો હોએ ચાલો સદા શુભ રીતિ
સુખી થવુ જો હોએ હીમત એમો નહી હારી
સુખી થવું જો હોએ કરો કાર્ય ઉપકારી
સુખી થવું જો હોએ કષ્ટ પરના કાપો
સુખી થવું જો હોએ દાન અભયપદ આપો
કરતા હતાં જે ધર્તી ધરા પાલણ પ્રભુ જીનજીએ,
અનિતી હાથ જઇએ નહી, સતમારગ નહિ ચુકીએ.

બિહાગ ગઝલ

પ્યારા અરનાથજી સ્વામી નમુ પદ પદ્મને પામી
તુમે જગમાં જીનજી મોગા, અનેરા દેવ છે છોટા
નથી તુજમાં કશી ખામી, નમુ પદ પદ્મને પામી— પ્યારા.
નિરંજન નાથ તું મારો, સદા છુ દાસ હું તારો
હૃદય ભક્તિ ભલી જામી, નમુ પદ પદ્મને પામી— પ્યારા.

શિવંકર સેવાનાં તારી, કરૂં શુભ ભાવના ધારી
વળી મિથ્યાત્વને વામી, નમુ પદ પદ્મને પામી— પ્યારા.
કૃપા કરી કષ્ટને કાપો, અવિચળ સુખડાં આપો;
નીરૂપમ નામ નીકાળી, નમુ પદ પદ્મને પામી.—પ્યારા.
વિભૂવૈરી ઘટા વારો, સદા મગનને તારો;
મહોદય સંપદા ધામી, નમુ પદ પદ્મને પામી

(રાગ—મારા તનમાં મનમાં ભર્યો છે થર્યો છે ભાઇ જાઉ ગજ જોતી)
પ્રભુ કર્મથી ભર્મથી મુક્ત થયા વળી, મોહરૂપી ગજ જીતી.
અષ્ટ કર્મ તમે દૂર કરી પ્રભુ, મોક્ષ મારગ તમે ગોતી.
સંસાર સાગર પાર કરી પ્રભુ, તીર્થંકર પદ પાય.
ક્યારે હવે માહરા મળશે જીનજી, વરીશ તુજ પદ ગોતી.

પરચુરણ

કાચનાં કુપ્પા શમ આ દેહ બનાવી માહીં ભર્યું હાડ માંશ લોહી
મેં આ જગ માંહી જોયું જીંદગી પણ પળમાં ખોહી
કોઇ કીશીકે કામ નહિ આવે સગાં વ્હાલાં પણ બેસે રોઇ
શુ સૃષ્ટીની લીલા જોઇ પણ જાશે તું આ દેહ ખોઇ
શમજ મનડા ધર્મ કરી લે જીંદગીને નહિ વ્યર્થ ખોઇ
ધર્મ સાધનથી છે સુખકારી આખરે તું શિવ સુંદરી જોઇ

(રાગ—ચાલો સાહેલી સહુ ગળી)

ચાલો સાહેલી ચક્રેશ્વરીના સૌ ગળી દરશન કરીએ
સુખકર નારી દુ;ખ હરનારી મુર્તિ માની અંતર ધરીએ
કેશર ચન્દન ફુલ અગરથી માને વધાવી મંદીર ભરીએ-ચાલો સાહેલી